# દાંતીવાડાના મહે. જ્યુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,મુ.દાંતીવાડા.

ફો.કેસ નં.:–૪૨૪/૨૦૨૫

આંક:–૫

**ફરીયાદી** :– **શ્રી સરકાર**

**વિરુધ્ધ.**

**આરોપી** :– **સુરેશભાઈ ગણાભાઈ જમણેશા**
**રહે.જેગોલ,તા.દાંતીવાડા,જી.બ.કા.**

## // ઠરાવ //

(૧) સદરહું કામે ફરીયાદી પક્ષ દવારા આરોપી વિરુધ્ધ બી.એન.એસ કલમ:–૨૮૧, મુજબનો ગુનાનો આરોપ મુકવામાં આવે છે.

(૨) આ કામના આરોપી ના. કોર્ટમાં રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલ આપી આંક–૦૩ થી પ્લી રેકર્ડ કરતાં તેઓને ગુનો કબુલ કરેલ છે અને આંક–૦૪ થી ગુનાના કબુલાત પુરસીસ રજુ કરેલ છે જેમાં તેઓને ગુના કબુલ મંજુર હોવાનું અને આ તેમનો પ્રથમ ગુનો છે, તેઓ ગરીબ વર્ગના અને બાળબચ્ચાવાળા માણસ છે, ભવિષ્યમાં આવો ગુનો નહી કરવાની ખાત્રી આપી, રહેમનજર રાખવા જણાવેલ છે, વધુમાં કોર્ટ રૂબરૂ પણ આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું અને ગુનો સ્વેચ્છાએ કબુલ કરેલાનું જણાવેલ છે. આમ, આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ હોઈ તે નહી માનવા માટે કોઈ કારણ રહેતુ નથી. આ સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી, ગુનાની ગંભીરતા તથા આરોપીના ઉપરોકત સંજોગો વિ.ધ્યાને રાખી, નીચે મુજબનો ન્યાયના હીતમાં હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ કોડની કલમ– ૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી બી.એન.એસ કલમ.–૨૮૫ મજુબના ગુન્હા બદલ રૂ.૨૦૦/–(અંકે બસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૪, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૪/૦૩/૨૦૨૬**

**(નિખીલ વી.ગુપ્તા)**
**જ્યુ.મેજી.ફ.ક.,દાંતીવાડા**
**કોડ નં. જી.જે.૦૧૬૫૦**

દંડ પાવતી નંબર. થી
દંડની રકમ રૂા.૨૦૦/– જમા લીધા.

તા.૧૪/૦૩/૨૬ નાઝર